ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક/પ્રિ-વિતરણ/૭
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૯ /૦૬/૨૦૨૦

વિષયઃ- હયાત ઔદ્યોગિક એકમના વિસ્તરણ માટે અપૂર્ણ વિકસીત વસાહતમાં ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિ બાબત.

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ//પોલીસી/૨૧, તા.૧૬/૦૨/૨૦૧૬.

(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ//પોલીસી/૯૬, તા.૧૦/૦૭/૨૦૧૭.

(૩) પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૨, તા.૦૧/૦૧/૨૦૧૯.

(૪) પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૦૩, તા.૧૯/૦૩/૨૦૨૦.

## // પરિપત્ર //

નિગમની જુદી-જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારો તરફથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની લગોલગ અડીને (કોમન વોલ) માંગણી કરવામાં આવતી હોય છે. નિગમની સંદર્ભદર્શિત પરિપત્ર ક્રમાંકઃ ૧ મુજબ અપૂર્ણ વિકસીત વસાહતોમાં હયાત ઉદ્યોગકારો ધ્વારા મળતી લગત પ્લોટ માટેની અરજી અગાઉ કયારેય લગત તરીકે કરવામાં આવેલ ન હોય અને તેઓને પ્રથમ વખત ઉપલબ્ધ લગત પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે તો ૨૦% વધારાની રકમ પ્રીમિયમ તરીકે (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ લેવાની નીતિ અમલમાં છે.

તાજેતરમાં કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજય સરકારના નાણાં વિભાગના તા.૦૫/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક થી જારી થયેલ સૂચનાઓ અંતર્ગત નિગમને સંબંધિત ક્રમ-૧૪ ની યોજના અર્થે હવેથી નીચે જણાવેલ નીતિ અમલમાં રહેશે.

"નિગમની અપૂર્ણ વિકસીત વસાહતોમાં જે ઉદ્યોગકારોને તેમના પ્લોટ/શેડની ફાળવણી પછી અગાઉ કયારેય લગત તરીકે **ઔદ્યોગિક** પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવી ન હોય અને તેઓને પ્રથમ વખત લગત તરીકે ઉદ્યોગકારના પ્લોટ/શેડને લગોલગ અડીને (કોમન વોલ) આવેલ ઉપલબ્ધ પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવે તો કોઇપણ પ્રકારનું વધારાનું પ્રીમિયમ

વસૂલ્યા સિવાય હયાત ઉદ્યોગકારોને તેમના ઉદ્યોગોના વિસ્તરણ માટે લગત પ્લોટની ફાળવણી જે-તે વસાહતના પ્રવર્તમાન વિતરણ દર મુજબ કરવામાં આવશે''.

વધુમાં, અપૂર્ણ વિકસીત વસાહતોમાં હયાત પ્લોટને લગત પ્લોટની ફાળવણી માટે સમયાંતરે જારી કરવામાં આવેલા પરિપત્રોમાં ઉલ્લેખિત અન્ય તમામ સૂચનાઓ યથાવત્ રહેશે.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર